No. of Pages : 7

# Code : CSM-1
# Subject : Gujarati
## Question Paper

Time : 3 Hours | Max. Marks : 150

પ્ર.- ૧. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ એક મુદ્દા પર ઓછામાં ઓછા ૨૫૦ અને વધુમાં વધુ ૩૦૦ શબ્દોમાં, યોગ્ય ઉદાહરણોનો આધાર લઈને નિબંધ લખો. **20**

૧(ક) વૈશ્વિકીકરણ અને ભારતમાં આવેલાં સાંસ્કૃતિક પરિવર્તનો

૧(ખ) હિન્દી સિનેમામાં નારીત્વનું પરિવર્તિત નિરૂપણ - છેલ્લા દાયકાના સંદર્ભે

૧(ગ) ડિજિટલ ઉપકરણો વડે જીવાતાં જીવનની મનુષ્યોના આંતરસંબંધો પર અસર

પ્ર.- ૨. નીચે આપેલ ત્રણ વિકલ્પોમાંથી કોઈ પણ બે પંક્તિઓનો આશરે ૧૦૦ શબ્દોમાં વિચારવિસ્તાર કરો. (૫×૨=૧૦ ગુણ) **10**

૨(ક) "સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે." - ઉમાશંકર જોશી

૨(ખ) "હું જ રહું વિલસી સહુ સંગ ને હું જ રહું અવશેષે." – રાજેન્દ્ર શાહ

૨(ગ) "માળિયામાંથી દેખાતું મેલું મરિયલ આકાશ, કદીક એકાદ તારો, એની પછી જ હશે ને સ્વર્ગ?" – સુરેશ જોશી

પ્ર.- 3. નીચે આપેલ ગદ્યખંડનો (૧૫૬ શબ્દો), મૂળ વિચાર જળવાઈ રહે એ રીતે લગભગ ૧/3 ભાગમાં સંક્ષેપ કરો. **10**

જ્યારે આપણે ભૌતિક રીતે ભ્રષ્ટ થયેલા હોઈએ છીએ ત્યારે આપણે માયાથી બધ્ધ થયેલા કહેવાઈએ છીએ. 'હું ભૌતિક પ્રકૃતિની પેદાશ છું' એ છાપ હેઠળ ખોટી ચેતના દેખાય છે. આને ખોટો અહંભાવ કહે છે. જે મનુષ્ય 'હું એટલે શરીર' એવા ખોટા ખ્યાલમાં રાચતો રહે છે તે પોતાના વાસ્તવિક સ્વરૂપને સમજી શકે નહીં. મનુષ્ય આવી દેહાત્મબુધ્ધિથી છુટે એ સારુ ભગવદ્ગીતા કહેવાઈ છે. અને ભગવાન પાસેથી આ જ્ઞાન મેળવવા માટે (જ્ઞાની) અર્જુને પોતાની જાતને આ સ્થિતિમાં મૂકી હતી. મનુષ્યે 'દેહ એટલે આત્મા' એ ખ્યાલ ખંખેરી નાખવો જોઈએ. આત્માર્થી માટે આ પૂર્વતૈયારીનું કામ છે. જે મનુષ્ય મુક્ત થવાની ઈચ્છા રાખે છે તેણે સૌપ્રથમ જાણી

લેવું જોઈએ કે પોતે આ ભૌતિક શરીર નથી. મુક્તિ એટલે ભૌતિક ચેતનામાંથી છુટકારો. શ્રીમદ્ ભાગવત્ પ્રમાણે મુક્તિ એટલે આ ભૌતિક દુનિયાથી ભ્રષ્ટ થયેલી ચેતનામાંથી છુટકારો થવો અને શુધ્ધ ચેતનામાં સ્થિર થવું તે. ભગવદ્ગીતાનો સમગ્ર બોધ આ શુધ્ધ ચેતનાને જાગ્રત કરવા માટે છે, અને તેથી ગીતાબોધના અંતભાગમાં શ્રીકૃષ્ણ અર્જુનને પૂછે છે : 'હવે તું શુધ્ધ ચેતનામાં છે ને?'

પૃ. ૧૨ | સ્વામી પ્રભુપાદ
ભગવદ્ગીતા (તેના મૂળ રૂપે) | ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ

પ્ર.- ૪. નીચે આપેલ ગદ્યખંડની સઘન વાચના કરી પ્રશ્નોના ઉત્તરો આપો.

'સાહિત્યનું મૂલ્ય'(૫×૨=૧૦ ગુણ) **10**

કેટલાએક લોકો એમ માને છે કે આ યુગ સાહિત્યકારોનો એટલે સાક્ષરોનો નથી, પણ વિજ્ઞાનશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ અને રાજ્યકારભારીઓનો છે. આ લોકો સાહિત્યનો સાચો અર્થ સમઝતા નથી એમ કહેવું જોઈએ. માત્ર કવિતાઓ જ બનાવવી કે નવલકથાઓ તથા નાટકો જ લખવાં એમાં જ સાહિત્યક્ષેત્ર સમાઈ જાય છે એ એક ભ્રમ છે. સાહિત્ય એટલે ઉચ્ચ વિચારોની સૃષ્ટિને વાણીની સૃષ્ટિમાં જન્મ આપી તેને સમાજજીવનમાં એકરસ કરવું એ છે. આર્થિક કે રાજકીય પ્રગતિ સાધવા માટે ગમે તે પ્રયત્નો થાય પણ જ્યાં સુધી લોકમાનસ સંસ્કારી ન થાય ત્યાંસુધી આ પ્રયત્નોની સફળતાનો સંભવ દૂર જ રહેવાનો. સાહિત્ય વડે આપણું જીવન સુધારવા અત્યારે શેની જરૂર છે એ પ્રશ્ન વિચારવાનો રહ્યો. કૌટુંબિક ભાવના ઓછી થતી જાય છે, વ્યક્તિસ્વાતંત્ર્યને નામે સ્વૈરભાવ વધતો જાય છે, જીવનનાં મૂલ્યાંકનો વધારે આર્થિક અને સ્વાર્થી થતાં જાય છે, માનસિક વિહ્વળતા વધતી જાય છે, જીવનની ગંભીરતાનો ખ્યાલ ઓછો થતો જાય છે અને તેની હળવી બાજુનું આકર્ષણ વધતું જાય છે, અસામાજિક વૃત્તિ પણ વધતી જાય છે : આ બધાં અનિષ્ટ તત્ત્વોનો સાહિત્યે હૃદયને સ્પર્શે એવી રીતે સચોટ સામનો કરવાનો છે.

પૃ. ૧૪૩, ૧૪૪ | શ્રી હરસિધ્ધભાઈ વજુભાઈ દિવેટિયા

પરિષદ-પ્રમુખોનાં ભાષણો | ગુજરાતી સાહિત્ય પરિષદ

પ્રશ્નો

૪ (ક) લેખકની દૃષ્ટિએ સાહિત્ય શું છે?

૪ (ખ) પ્રગતિ સાધવાના પ્રયત્નોની સફળતા લેખકની નજરે શેમાં રહેલી છે?

૪ (ગ) સમાજમાં આવી રહેલાં પરિવર્તનો વિશે લેખક કયાં નિરીક્ષણો આપે છે?

૪ (ઘ) લેખકના મતે સાહિત્યની સામાજિક જવાબદારી કઈ છે?

૪ (ચ) લેખકે સાહિત્ય વિશેના કયા ભ્રમનું નિરસન કર્યું છે?

પ્ર.- ૫. (આશરે ૧૫૦ શબ્દો) 10

સરદાર સરોવર ડેમના દરવાજા તાજેતરમાં બંધ કરવામાં આવ્યા. આ નિર્ણયને લીધે ઊર્જા ક્ષેત્રે મળનારાં હકારાત્મક પરિણામો વિશે માહિતી આપવા માટે ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રીશ્રી પત્રકાર પરિષદને સંબોધિત કરશે. તેમનાં ઔપચારિક ઉદ્‌બોધન માટેનું લખાણ તૈયાર કરો.

પ્ર.-૬. (આશરે ૧૦૦ શબ્દો) 10

ભારતીય અર્થતંત્રને સુદ્રઢ બનાવવા ભારત સરકારે તાજેતરમાં લીધેલાં મહત્વના નિર્ણયો વિશે પ્રચાર માધ્યમોને જાણકારી આપતું કેન્દ્રના માનનીય નાણામંત્રીશ્રીનું નિવેદન લખો.

પ્ર.- ૭. (આશરે ૧૦૦ શબ્દો) 10

અમદાવાદ સ્થિત ‘અ.બ.ક.’ નામક સ્વૈચ્છિક સંસ્થાએ છેલ્લાં દસ વર્ષોમાં ગુજરાતમાં વસતી અનુસૂચિત જાતિના સર્વાંગી વિકાસ માટે ઘણી નોંધપાત્ર કામગીરી કરી છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ‘અ.બ.ક.’ સંસ્થાના પ્રમુખને શુભેચ્છા-સંદેશ પાઠવવા ઇચ્છે છે. નિયામકશ્રીનો સંસ્થાનાં યોગદાનને વર્ણવતો અને અભિનંદન પાઠવતો પત્ર તૈયાર કરો.

પ્ર.- ૮. (આશરે ૧૫૦ શબ્દો) **10**

ભારત અને ઈઝરાયેલનો સંબંધ બહુઆયામી છે. ભારત-ઈઝરાયેલના સંબંધને ભવિષ્યમાં વધુ ફળદાયી કરવા માટે કેવાં નક્કર પગલાં લઈ શકાય એ અંગે તમારાં સૂચનો વર્ણવતું ચર્ચાપત્ર લખો.

પ્ર.- ૯. (આશરે ૧૫૦ શબ્દો) **10**

નેનો ટેકનોલોજીનાં ક્ષેત્રમાં સંશોધન અર્થે અમેરિકાની 'અ.બ.ક.' યુનિવર્સિટી સાથે લાંબા ગાળાના ઔપચારિક કરાર કરવાની મંજૂરી માટેની અરજી, ગુજરાતની પ્રતિષ્ઠિત 'ક.ખ.ગ.' યુનિવર્સિટીના કુલસચિવ, શૈક્ષણિક પ્રસ્તુતતાના મુદ્દાઓ સહિત, ભારત સરકારના વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ (અમેરિકા વિભાગ)ને કરવા ઇચ્છે છે. આ અંગેનું લખાણ તૈયાર કરો.

પ્ર.- ૧૦. (આશરે ૧૫૦ શબ્દો) **10**

ગુજરાતમાં સહકારી સંસ્થાઓની કામગીરી અંગેનું મૂલ્યાંકન કરવાના આશયથી પ્રેરાઈને તમે વિવિધ ડેરીઓની મુલાકાત લીધી. સંસ્થાઓના ઇતિહાસ જાણ્યા અને એની અભૂતપૂર્વ સિદ્ધિઓથી તમે પરિચિત થયા. આ મુલાકાતોને આધારે, 'અમૂલ મોડેલ'ને ગુજરાતમાં જે અદ્વિતીય સફળતા મળી છે, એ પાછળનાં કારણોને વર્ણવતો અહેવાલ લખો.

પ્ર.- ૧૧. (આશરે ૧૫૦ શબ્દો) **10**

ઈ.એસ.આઈ.સી., ગુજરાત પ્રાદેશિક શાખાના નિયામક, ગુજરાત રાજ્યની શ્રમજીવી વર્ગની મહિલાઓનાં સ્વાસ્થ્ય અંગેની સમસ્યાઓ અને ઉપાયો લઈને, ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારીને મળ્યા. આ બંને અધિકારીઓ વચ્ચેની વાતચીતનો લેખિત સંવાદ તૈયાર કરો.

પ્ર.– ૧૨. આપેલ અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં ભાવાત્મક અનુવાદ કરો. **10**

I have gone through deep self-introspection, searched myself through and through, and examined and analyzed every psychological situation. Yet, I am far from claiming any finality or infallibility about my conclusions. One claim I do indeed make and it is this. For me they appear to be absolutely correct, and seem for the time being to be final. For if they were not, I should base no action on them. But at every step, I have carried out the process of acceptance or rejection and acted accordingly. And so long as my acts satisfy my reason and my heart, I must firmly adhere to my original conclusions.

Excerpt from Introduction

by M.K. Gandhi

An Autobiography or The Story of My Experiments with Truth

(ISBN : 978-81-291-1730-4)

પ્ર.– ૧૩. સૂચના પ્રમાણે ગુજરાતી વ્યાકરણને લગતા પ્રશ્નોના ઉત્તરો આપો. (૨×૧૦=૨૦ ગુણ)

૧૩.૧ રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેમનો વાક્યમાં પ્રયોગ કરો.

૧૩.૧ (ક) અગસ્ત્યના વાયદા

૧૩.૧ (ખ) તરણું લેવરાવવું **2**

૧૩.૨ કહેવતોનો અર્થ સમજાવો.

૧૩.૨ (ક) જીવતો નર ભદ્રા પામે

૧૩.૨ (ખ) વસુ વિના નર પશુ **2**

૧૩.3 સમાસનો વિગ્રહ કરી તેની ઓળખ આપો.

૧૩.3 (ક) પ્રત્યક્ષ

૧૩.3 (ખ) ભાવકર્તૃક **2**

૧૩.૪ પંક્તિઓના છંદ ઓળખાવો.

૧૩.૪ (ક) "મળ્યાં તુજ સમીપ અગ્નિ! તુજ પાસ જુદાં થિંયે!

કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી?"

(રા. વિ. પાઠક)

૧૩.૪ (ખ) "ભાઈ, ભાઈ કહીને બોલવતો, તું ભાવ ધરી

ભલો મિત્રતાનો ભાવ ભિજવ્યો તે, ભાઈ ભાઈ!"

(કવિ દલપતરામ) 2

૧૩.૫ અલંકાર ઓળખાવો.

૧૩.૫(ક) "ક્યાં સૂર્યમાંથી ઉદ્‌ભવેલો મહાન રઘુઓનો વંશ, અને ક્યાં અલ્પ વિષયોમાં જ વિચરતી મારી મતિ! ખરેખર, હું અજ્ઞાનમાં નાના હોડકા વડે દુસ્તર સાગરને પાર કરવાને પ્રવૃત્ત થયો છું." (રઘુવંશ-સર્ગ ૧)

૧૩.૫(ખ) "કૌમુદી સમી તું રમ્ય લાગતી, તું સમી કૌમુદીય, લોલલોચના."

(રસગંગાધર) 2

૧૩.૬ શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

૧૩.૬ (ક) કવિતામાં ખૂટતાં પદો યોજવાં તે

૧૩.૬ (ખ) બાળક તરફનું વલણ 2

૧૩.૭ શબ્દોની જોડણી સુધારો.

૧૩.૭ (ક) સાર્દુલવીક્રિડીત

૧૩.૭ (ખ) જિજિવિસા 2

૧૩.૮ વાક્યોમાં જોડણી અને વાક્યરચનાની ભૂલો સુધારો.

૧૩.૮ (ક) ધનની, અધિકારની કે શરીરની સંપતિ તમારા સ્વાધિનમાં નથી.

(મન:સુખરામ ત્રિપાઠી)

૧૩.૮ (ખ) એની શકિતએ એને ઘણા પ્રાંતોમાં પરીચિત કરી. (લીલાવતી મુનશી) 2

૧૩.૯ શબ્દોની સંધિ જોડો અને છોડો.

૧૩.૯(ક) શબ્દની સંધિ જોડો | ષટ્+રિપુ

૧૩.૯(ખ) શબ્દની સંધિ છોડો | ઉન્મત્ત 2

૧૩.૧૦ વાક્યરચના અંગે આપેલ સૂચના મુજબ ઉત્તર આપો.

૧૩.૧૦ (ક) ગુજરાતી ભાષામાં વાક્યરચના કેવી રીતે થાય છે? આપેલ વિકલ્પોમાંથી જવાબ લખો.

૧. કર્તા → ક્રિયાપદ → કર્મ | ૨. કર્તા → કર્મ → ક્રિયાપદ |

૩. બંને રીતે | ૪. (૧) અને (૨) રીતે નહીં

૧૩.૧૦ (ખ) વાક્યનો પ્રકાર ઓળખો | કિરણનું કામ ચોખ્ખું ને દીપકનું કામે ય ચોખ્ખું. 2